| Publication: | Jai Hind | Edition: | Ahmedabad |
|---|---|---|---|
| Published Date: | 26 Aug 2013 | Page No.: | 5 |
| | | Display: | 1/1 |




અમદાવાદ માં યોજાયેલી ટાટા ક્રૂસીબલ બિઝનેસ ક્વીઝ ૨૦૧૩ માં

# ટ્રાઈટન કોમ્યુનિકેશન ના મહેશ માંજાવાલા અને મયુર રાના વિજેતા બન્યા હતા

અમદાવાદ, ૨૫,

જ્ઞાનલક્ષી સ્પર્ધા ટાટા ક્રૂસીબલ બિઝનેસ કવીઝ ૨૦૧૩ નો આજે અમદાવાદ શહેરનો પ્રાદેશિક રાઉન્ડ યોજાયો હતો, જેમાં જ્ઞાન અને ચાતુર્યનો રોમાંચ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. કેટલાક તેજસ્વી માંઈન્ડને સ્પર્ધા પૂરી પાડ્યા પછી ટ્રાઈટન કમ્યુનિકેશન ના મહેશ માંજાવાલા અને મયુર રાના ને સફફ વિજેતા તરીકે જાહેર કરાયા હતા, જે હવે પછી મુબઈ ખાતે ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૩ ના રોજ યોજાનારી ઝોનલ ફાયનલ્સમાં સામેલ થશે.

આ સ્પર્ધામાં રનર્સઅપ તરીકેનું સ્થાન થરમેક્સ - બરોડા ના આનંદ એસ.લડગાંઓનકર અને હેમંત પી. થોરાટ એ હાંસલ કર્યું હતું.

આ સમારંભના મુખ્ય મહેમાન શ્રી હેમંત કુલકર્ણી એ વિજેતા અને રનર્સઅપ ટીમને અનુક્રમે રૂા.૧,૦૦,૦૦૦ અને રૂા.૫૦,૦૦૦ના ઈનામો એનાયત કર્યા હતા. ટાટા જૂથ જે હંમેશા સમાજને પરત આપવામાં માને છે તેણે ટાટા ક્રૂસીબલ ક્વીઝમાં સામેલ થનારા લોકોમાં સખાવતની ભાવના પેદા કરવા માટે દર વર્ષે ઈનામની રકમમાં વધારો કરતી રહે છે,

એ મુજબ આ વરસે અગાઉની ઈનામની રકમમાં અનુક્રમે રૂા.૭૫,૦૦૦ અને ૩૫,૦૦૦ની વધારો કરવામાં આવ્યો છે. પ્રાદેશિક વિજેતાઓના ઈનામમાં કરાયેલો અનુક્રમે રૂા.૨૫,૦૦૦ અને રૂા.૧૫,૦૦૦ની રકમનો વધારો ટીમની પસંદગીની સખાવતી સંસ્થાને દાન તરીકે આપવામાં આવશે.